©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] MONDAY, 08th SEPTEMBER, 2025/BHADRA 17, 1947 [No. 5799

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ અને

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯, નિયમ-૨૬ (૯)

નગર રચના યોજના નં. ૬૧ (કોસમાડા-છેડછા-ઓવિયાણ)

પ્રારંભિક યોજના

નં. નરયો/નં. ૬૧ (કોસમડા-છેડછા-ઓવિયાણ)/પ્રા.યો./જનરલ/૪૫૨૦/૨૦૨૫.-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૫૨ની પેટા કલમ-(૧)ની જોગવાઈઓ અનુસાર તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯, ના નિયમ-૨૬(૯) મુજબ નગર રચના અધિકારી તરીકેના નગર રચના યોજના નં. ૬૧(કોસમાડા-છેડછા-ઓવિયાણ) સુરતના પ્રારંભિક યોજના અંગેના નિર્ણયો મેં આજ તા. ૦૧-૦૯-૨૦૨૫ ને સોમવારના રોજ જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૫૨(૨) તેમજ કલમ-૬૪ની જોગવાઈઓ અનુસાર, સદર પ્રારંભિક યોજના સરકારશ્રીની મંજૂરી અર્થે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૫૨(૧) તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯, નિયમ-૨૬(૯)ની જોગવાઈઓ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ (ખંડ) માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમુનો-'ઠ' ની નકલ આ યોજના વિસ્તારમાં સમાવિષ્ટ સંબંધિત જમીન માલિકોને તેમજ હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને પહોંચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત પ્રારંભિક યોજનાની તમામ માહિતી, નિર્ણયો અને નકશાઓની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં જાહેર રજાના દિવસો સિવાય નીચેના સરનામે કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. તેમજ તે સમજાવવાની જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે.

સ્થળ : સુરત
તા. ૦૧-૦૯-૨૦૨૫

કે. ડી. પટેલ
નગર રચના અધિકારી અને
પ્રવર નગર નિયોજક,
સુરત નગર રચના યોજના એકમ-૧,
સુરત.

કચેરીનું સરનામું :
સુરત નગર રચના યોજના એકમ-૧,
નગર રચના અધિકારી અને પ્રવર નગર નિયોજક,
પાંચમો માળ, સુડા ભવન, આગમ આર્કેડની સામે,
વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭.
Email: stp-tpo1-srt@gujarat.gov.in

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.09.09 12:14:05 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot